VIKASSHIL VALSAD



# વિકાસશીલ વલસાડ

VALSAD MUNICIPALITY

તંત્રી : અમુલ દેસાઈ | amuldesai1960@gmail.com

JUNE 2017 I VOL. 1 I ISSUE : 1 I VALSAD I APPLIED FOR RNI I PAGE - 8 I www.valsadmunicipality.org



## સૌનો સાથ, સૌનો વિકાસ

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી અને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીના માર્ગદર્શન હેઠળ વલસાડ નગરપાલિકાના પ્રમુખશ્રી સોનલબેન સોલંકીએ છેલ્લા ચાર વર્ષથી વલસાડના વિકાસનું ભગીરથ કાર્ય હાથ ધરી અનેક લોકોપયોગી વિકાસના કામો પૂર્ણ કરી હજુ પણ વલસાડ ને સંપૂર્ણ વિકસીત કરવા ઝઝુમી રહયા છે.






નગરપાલિકા નવું બિલ્ડીંગ

મોરારજી દેસાઈ મ્યુઝીયમ

સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ

બીપીએલ આવાસો, અબ્રામા



મે. ધ્યાનચંદ હોકી કપ વિજેતા પાલિકા સ્પોર્ટસ સંકુલ હોકી ટીમ



આંતર નગરપાલિકા દેસાઈ કપ વિજેતા પાલિકા ટીમ



વિકસીત વલસાડના સુજ્ઞ નગરજનો,

આપ જોઈ રહયા છો કે વલસાડ શહેરનો દિન પ્રતિદિન સર્વાંગી વિકાસ થઈ રહયો છે. મૂળભૂત માળખાકીય સુવિધાઓ ના વિકાસની સાથેસાથે લોકોના આરોગ્ય, મનોરંજન, સાંસ્કૃતિક, ઐતિહાસિક વારસાની ઝાંખી કરાવતી પ્રવૃત્તિઓ, પર્યાવરણની જાળવણી, શારિરિક સુદઢતા કેળવવાની પ્રવૃતિઓ, શિક્ષણની સુવિધાઓનો વિકાસ તથા શહેરની આગવી ઓળખ કલ્યાણ બાગ ડેવલપમેન્ટ વર્ક, આમ, વલસાડ નગરપાલિકા દ્વારા વિવિધ પ્રકલ્પોનો ખરા અર્થમાં શહેરીજનોને કેન્દ્રબિંદુમાં રાખીને સાકાર કરવામાં આવ્યા છે. અને લોકોની સલામતી, સુખાકારી, અને જ્ઞાનસભર મનોરંજક જીવનશૈલીનો વિકાસ થાય તે માટે વલસાડ નગરપાલિકા પ્રતિબધ્ધ છે.

વલસાડના શહેરીજનો માટે વલસાડ નગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવતી તથા હાથ ધરવામાં આવનાર વિવિધ વિકાસ પ્રવૃતિઓની નિયમિત જાણકારી માટે ઈ-ન્યુઝ લેટર મેગેઝીન શરૂ કરવામાં આવી રહયું છે જેની શરૂઆત કરતા હું ગૌરવ અને હર્ષની લાગણી અનુભવુ છું.

પારસ મકવાણા
ચીફ ઓફિસર
વલસાડ નગરપાલિકા



વ્હાલા નગરજનો,

તમારા આશિર્વાદથી છેલ્લા ચાર વર્ષથી વિકાસના અવિરત કામો સાથે શહેરને પ્રગતિના પંથે લઈ જવા હમો અને પાલિકા સભ્યો, અધિકારીઓ અને કર્મચારીઓની ટીમ સતત પ્રયત્નશીલ રહી છે. શહેરના તમામ ૧૪ વોર્ડમાં પક્ષપાત વિના સમતોલ અને નક્કર વિકાસના કામો અમો કરી શકયા છે. મે અને મારી ટીમે સૌ પ્રથમ વલસાડને મોટા પ્રોજેકટની ભેટ આપી ગુજરાતનું પ્રથમ મોરારજી દેસાઈ ડીજીટલ મ્યુઝીયમ તથા અધ્યતન ઓડીટોરીયમ, દક્ષિણ ગુજરાતનું સૌથી વધુ સુવિધાજન સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, બીપીએલ આવાસ યોજના, શોપીંગ મોલ, નગર સેવા સદન, આધુનિક મ્યુનિસિપલ હોસ્પિટલ, નવી મ્યુનિસિપલ હાઈસ્કુલ જેવા કરોડોના મેગા પ્રોજેકટનું નિર્માણ કરી શકયા છે. શહેરની ધરોહર સમાન કલ્યાણ બાગ અને જ્યોતિ મીનારા ને રૂા. ૫ કરોડના ખર્ચે વિકસીત કરવાનું કામ પુર ઝડપે ચાલુ થઈ ગયું છે આ ઉપરાંત અબ્રામા રોડ ઉપર સાઈકલ ટ્રેક તથા શહેરના તમામ તળાવોને વિકસીત કરી બ્યુટીફીકેશનનું પણ આયોજન કરાયું છે. હમો શહેરના સર્વાંગી વિકાસની સાથે પારદર્શક અને પ્રામાણિક વહીવટના કારણે શહેરીજનોમાં પાલિકા પ્રત્યે વિશ્વાસની લાગણી જીતવામાં સફળ રહયા છે. શહેરીજનોને વિવિધ યોજનાઓ તથા પાલિકાની કામગીરીની જાણકારી આપવા માટે કેન્દ્ર સરકારની અમૃત યોજના હેઠળ ઈ-ન્યુઝ લેટર (વિકાસશીલ વલસાડ મેગેઝીન) પ્રકાશીત કરતા હું ગર્વની અને આનંદની લાગણી અનુભવું છું.

સોનલબેન ટી. સોલંકી (જૈન)
પ્રમુખ
વલસાડ નગરપાલિકા

CLEAN & GREEN VALSAD

## મેગેઝીન સંપાદક ટીમ



તંત્રી
અમુલ દેસાઈ



ફોટોગ્રાફર
કાદર હાસમાની



ડીઝાઈનર
રાજેશ સદારંગાણી

## વલસાડ નગરપાલિકા દ્વારા શરૂ કરવાના કામો તથા પૂર્ણ થયેલ કામોના ખાતમુર્હત તેમજ લોકાર્પણ માનનીય મુખ્યમંત્રીશ્રી નિતિનભાઈ પટેલના વરદ હસ્તે આજરોજ થનાર કામોની યાદી

| અ.નં. | કામની વિગત | રકમ રૂા. (લાખમાં) |
|---|---|---|
| ૧. | નગરપાલિકા સંચાલિત મ્યુનિ.હોસ્પિટલ બાંધકામ લોકભાગીદારી (૧૦૦ બેડ ધરાવતી) | ૩૦૪.૫૦ |
| ૨. | નામદાર સરકારશ્રીની અમૃત યોજના હેઠળ ઈ-ન્યુઝ લેટરનું (વિકાસશીલ વલસાડ મેગેઝીન) વિમોચન | ------ |
| ૩. | નામદાર સરકારશ્રીની અમૃત યોજના હેઠળ સાઈકલ ટ્રેક તેમજ ફૂટપાથ ડેવલપમેન્ટ બનાવવાના કામનું ખાતમુર્હત | ૧૫૮.૦૦ |
| ૪. | નામદાર સરકારશ્રીની અમૃત યોજના હેઠળ પારડી સાંઢપોર ખાતે ૨૦.૨. MLD કેપેસીટી ધરાવતા STP પ્લાન્ટ બનાવવાના કામનું ખાતમુર્હત | ૨૭૩૦.૦૦ |
| ૫. | નામદાર સરકારશ્રીની વ્યવસાયવેરાની ગ્રાન્ટ હેઠળ વલસાડ પારડી ખાતે ૫.૦૦ લાખ લીટરની કેપેસીટી ધરાવતી ઓવરહેડ ટાંકી બાવવાના કામનું ખાતમુર્હત | ૫૬.૦૩ |
| ૬. | નામદાર સરકારશ્રીની SJMMSVY UDP-88 (2016-17) હેઠળ નહરપાલિકા હદ વિસ્તારમા જુદા જુદા સ્થળોએ પેરબ્લોક, વરસાદી ગટર, ટ્રીમીક્ષ રસ્તા સીનીયર સીટીઝન શેડ, વિગેરેના લોકાર્પણના કામો | ૫૧૦.૫૦ |
| ૭. | નામદાર સરકારશ્રીની વ્યવસાયવેરાની ગ્રાન્ટ હેઠળ નગરપાલિકા હદ વિસ્તારમાં જુદા જુદા સ્થળોએ ડામર રસ્તા બનાવવાનું કામનું ખાતમુર્હત | ૧૦૦.૦૦ |
| ૮. | નામદાર સરકારશ્રની SJMMSVY UDP-88 (2017-18) હેઠળ નહરપાલિકા હદ વિસ્તારમા જુદા જુદા સ્થળોએ ડામર રસ્તા બનાવવાનું કામનું ખાતમુર્હત | ૧૨૫.૦૦ |





કનુભાઈ દેસાઈ
ધારાસભ્ય -૧૮૦
પારડી

વિધાનસભા
ગુજરાત

પત્રવ્યવહારનું સરનામું :
૪૦૫/જ, સંકલ્પ સોસાયટી,
ગુંજન રોડ, જી.આઈ.ડી.સી.,
વાપી-૩૯૬ ૧૯૫. જી. વલસાડ.

તા. ૦૧/૦૬/૨૦૧૭

**શુભેચ્છા સંદેશ**

વલસાડ નગરપાલિકાએ વિકાસલક્ષી અભિગમ અપનાવતા કેન્દ્ર સરકારે શહેરીવિકાસ માટેની અમૃતમ યોજનામાં એનો સમાવેશ કર્યો છે. અમૃતમ યોજનામાં સમાવિષ્ટ વલસાડ નગરપાલિકા વિકાસકામોની માહિતી સામાન્ય જનતાને આપી શકે એ માટે "વિકાસશીલ વલસાડ" નામનું માસિક પ્રથમવાર પ્રસ્તુત કરી રહી છે તે માટે ખાસ અભિનંદન આપુ છું અને વિકાસની યાત્રા સતત ચાલતી જ રહે એવી શુભેચ્છા શ્રીમતિ સોનલબેન સોલંકી (જૈન) અને સમગ્ર નગરપાલિકા ટીમને પાઠવુ છુ.

(કનુભાઈ દેસાઈ)
ધારાસભ્ય
૧૮૦-પારડી વિધાનસભા

કાર્યાલય :
"રાધેશ્યામ", લો પ્રાઈઝ ની પાછળ, ગુંજન રોડ, જી.આઈ.ડી.સી., વાપી - ૩૯૬ ૧૯૫.
જી. : વલસાડ ટેલીફેક્સ ફોન : ૦૨૬૦-૨૪૧૧૧૧૩ ઈ-મેલ : kanudesaibjp@gmail.com



નીતિન પટેલ
નાયબ મુખ્ય મંત્રી
ગુજરાત રાજ્ય

ક્રમાંક : [illegible]
નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ, માર્ગ અને મકાન, પાટનગર યોજના, નર્મદા, કલ્પસર, પેટ્રોકેમિકલ્સ,
ગુજરાત સરકાર,
સ્વર્ણિમ સંકુલ, ત્રીજો માળ, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦
તારીખ : [illegible]

**શુભેચ્છા સંદેશ**

વલસાડ નગરપાલિકા રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓનો લાભ લઈ અવીરત વિકાસ કરી રહી છે. વલસાડ નગરપાલિકા વિવિધ ગ્રાન્ટના કામો કરવાની સાથે શહેરમાં આગવી ઓળખ અને કલ્યાણકારી કામો માટે પણ અગ્રેસર રહી છે, ત્યારે વલસાડ નગરપાલિકા પ્રમુખશ્રી અને તેમની ટીમને અભિનંદન.

ગુજરાત રાજ્યને પ્રથમ ક્રમે રાખવા કેન્દ્ર સરકારની અમૃત યોજના અંતર્ગત શહેરની પ્રજાને વિવિધ યોજનાઓની જાણકારી તથા વલસાડ નગરપાલિકાના વિવિધ વિભાગોની કામગીરીથી વાકેફ કરવા નગરપાલિકાએ શરૂ કરેલ ઈ-ન્યુઝ લેટર (વિકાસશીલ વલસાડ) મેગેઝીનની સફળતા માટે શુભેચ્છા પાઠવું છું.

(નીતિન પટેલ)

[illegible] ઈ-મેલ : nitinpateldycm@gmail.com

## આપણું વલસાડ

વલસાડ નગરપાલિકાની સ્થાપના ૩૦-૫-૧૮૫૫ થઈ હતી ૨૦૧૫-૧૬ ના વર્ષ સુધીમાં ઈલેકશન વોર્ડની સંખ્યા ૧૪ છે પાલિકાના સભ્યોની સંખ્યા ૪૨ છે. પાલિકાની છેલ્લી ચુંટણી ૨૦૧૩માં યોજાઈ હતી શહેરમાં પાકા રસ્તાની કુલ લંબાઈ ૭૧.૧૪ કિલોમીટર તથા કાચા રસ્તાની કુલ લંબાઈ ૧.૬૭ કિલોમીટર જેટલી છે. પાલિકા સંચાલિત એક દવાખાનું એમા ડિસપેન્સરી અને પ્રસુતિગૃહ છે જેનું હાલમાંજ કરોડો રૂપિયાના ખર્ચે નવનિર્મિત બિલ્ડીંગ બનાવવામાં આવ્યું છે આ ઉપરાંત નગરપાલિકા દ્વારા મહાત્મા ગાંધી લાયબ્રેરી પણ ચલાવવામાં આવે છે. ૨૦૧૫-૧૬ના આંકડા મુજબ શહેરની મિલકતો માંથી મળતી આવક આશરે ૮.૪૬ કરોડ થાય છે. પાલિકા દ્વારા એક પ્રાથમિક સ્કૂલ પણ ચલાવવામાં આવે છે જેનું પણ હાલમા નવનિર્માણ ચાલી રહયું છે.

CLEAN & GREEN VALSAD

સ્વચ્છ વલસાડ સ્વચ્છ ભારત

With Best Compliments From....

**Desai Construction Private Limited**

Construction House, Opp G.I.D.C. Gundlav,
New GIDC, Dhamdachi, Valsad, Gujarat 396035



ભરતભાઈ કે. પટેલ (એમ.એસસી.)
ધારાસભ્યશ્રી - ૧૮૦ - વલસાડ

વિધાનસભા
ગુજરાત

મુ. પોસ્ટ : ભાગડાવડા,
"સદ્ભાવના બંગલો"
આદિનાથ હોસ્પિટલની સામે,
તા. જી. વલસાડ - ૩૯૬૦૦૧.
ફોન : (ઘ.) ૦૨૬૩૨-૨૪૮૭૩૧

પત્ર / ક્રમાંક / જા.નં. તા. ૧-૬-૨૦૧૭

## શુભેચ્છા સંદેશ

માનનીય નાયબ મુખ્યમંત્રી અને શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલના માર્ગદર્શન અને સહયોગથી વલસાડ પાલિકા દ્વારા શહેરનો સર્વાંગી વિકાસ છેલ્લા ચાર વર્ષથી પૂર ઝડપે થઈ રહયો છે. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની યોજનાઓનો લાભ લઈ અનેક લોકોપયોગી અને વિકાસના કામો હાથ ધરી પૂર્ણ કર્યા છે અને હજુ અનેક વિકાસના કાર્યો હાથ ધર્યા છે જે માટે હું પાલિકા પ્રમુખ સોનલબેન સોલંકી (જૈન) અને તેમની ટીમને તથા તેમના દ્વારા પ્રથમવાર પ્રકાશિત થઈ રહેલા "વિકાસશીલ વલસાડ" મેગેઝીનને હાર્દિક શુભેચ્છા તથા અભિનંદન પાઠવું છું.

ભરતભાઈ કે. પટેલ
ધારાસભ્યશ્રી, વલસાડ.

કાર્યાલય :
૫-શોપીંગ સેન્ટર નં. ૩, સ્ટેડીયમ રોડ, વલસાડ - ૩૯૬ ૦૦૧. ઓફિસ : ૦૨૬૩૨ - ૨૪૬૦૪૬
ઈ-મેલ : bharat20bjp@gmail.com, મો. ૯૬૩૮૩૩૫૯૫૧



DR. K.C. PATEL
Member of Parliament
(Lok Sabha)
26 – Valsad Dang

604, Narmada Apartment
Dr. B.D. Marg, New Delhi-110 001
Phone 011-23329254
Office:
Abhinav Complex, N.H. No. 8
Killa-Pardi, Distt. Valsad, Gujarat
Phone 0260-2375000
E-mail drkcpatel10@gmail.com

શુભેચ્છા સંદેશ

તા. ૬-૬-૨૦૧૭

વિકાસશીલ વલસાડ મેગેઝીન વલસાડ નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી સોનલબેન સોલંકી (જૈન)ની ટીમ દ્વારા પ્રકાશિત થઈ રહ્યુ છે. તે નિમિતે વલસાડના સર્વાંગી વિકાસમાં સહભાગી તરીકે શુભેચ્છા પાઠવુ છુ. વલસાડ પાલિકા છેલ્લા ૪ વર્ષ થી વિકાસની હરણફાળ ભરી રહ્યુ છે. ગુજરાત સરકારશ્રીની વિવિધ યોજનાઓનો છેવટના પ્રજાજનો ને લાભ મળે તે દિશામાં વલસાડ નગરપાલિકા સતત કાર્યશીલ રહી છે. વિવિધ વિકાસના કામો થકી નગરપાલિકા અગ્ર રહેલ છે. વલસાડ નગરપાલિકાનો વિકાસ વણથંભી રહે અને સતત કાર્યશીલ રહે તે અંગે શુભેચ્છા.

(ડો.કે.સી.પટેલ)


Residence "Archana" At. Post. Paria (Brahim Faliya), Ta. Pardi, Distt. Valsad - 396 145, Gujarat
Phone (R) 0260-2337270 • Mob : 0982531000, 09013889137, 0940706767

## શહેરીજનોની સુવિધા માટે હંમેશા અગ્રેસર

AHM

વલસાડ નગરપાલિકા દ્વારા રાજ્ય અને કેન્દ્ર સરકારની યોજનાઓનો લાભ શહેરીજનોને મળી રહે તે માટે હંમેશા પ્રત્યનશીલ રહી છે. કેન્દ્ર સરકારની સામાન્ય અને મધ્યમવર્ગના લોકો માટે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ વાર્ષિક રૂા. ૩ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવનાર અને પોતાની સ્વતંત્ર માલિકીની જમીન ધરાવનાર લોકો માટે રૂા. ૩.૫ લાખની ગ્રાન્ટ સામાન્ય લોકોને મળી રહે અને પોતાનો આવાસ બનાવી શકે તે યોજનામાં પાલિકાએ અગ્રેસર રહી શહેરના જુદા જુદા વિસ્તારોમાં આશરે ૨૧૧ જેટલા લાભાર્થીઓને લાભ મળી શકે તે માટેનો રિપોર્ટ તૈયાર કરી રાજ્ય સરકારને મોકલી આપ્યો છે જેની મંજુરી તત્કાળ મળી જવાની આશા છે.





જય સ્વામિનારાયણ

Bipin Patel
Director

SAHAJ REALTY
PRAMUKH INFRASTRUCTURE PRIVATE LIMITED

Reg. Off. : 1st Floor, "Khushboo Mahal",
Below Hotel Harsh Palace
Near S.T. Depot, Bechar Road, Valsad - 396001.
Ph. (02632) 247106 Fax : (02632) 240885
E-mail : bbpatel2595@yahoo.co.in



## નગરપાલિકા હોસ્પિટલ

શહેરના નાગરીકોને સુવિધાયુક્ત તથા રાહત દરે સારી તબીબી સારવાર મળી રહે તે માટે પાલિકાએ દાતાઓના સહયોગથી રૂા. ૩ કરોડના ખર્ચે ૧૦૦ બેડની આધુનિક સુવિધાઓ સાથેનું નવું હોસ્પિટલ બીલ્ડીંગ તૈયાર કરી આજ રોજ માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી નિતિનભાઈ પટેલના હસ્તે લોકાર્પણ થઈ રહયું છે અને પાલિકા પ્રમુખ સોનલબેન સોલંકીનું સપનું સાકાર થઈ રહયું છે.

## શોપીંગ મોલ

પાલિકા દ્વારા શહેરના વેપાર વ્યવસાયને વિકસાવવા માટે શહેરની મધયમાં નગરપાલિકા બિલ્ડીંગને અડીને આવેલી ૧૦૦૦ ચો.મી. જગ્યામાં અધ્યતન સુવિધા અને આકર્ષક એલીવેશન ધરાવતા શોપીંગ મોલનું રૂા. ૨.૬૮ કરોડ ખર્ચે બાંધકામ કર્યુ છે જે પૂર્ણતાને આરે છે શોપીંગ મોલના કારણે શહેરના વેપાર વ્યવસાયને વેગતો મળશે સાથે સાથે નગરપાલિકાને સારી એવી આર્થિક ઉપજ પણ થશે.





## કલ્યાણ બાગ

શહેરની ધરોહર સમાન કલ્યાણ બાગ અને જ્યોતિ મીનારાનું નવીનીકરણના કામનું ખાતમુર્હુત માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી હસ્તે તા. ૨૭-૧૦-૨૦૧૬ના રોજ થયું હતું જે રૂા. ૫ કરોડના ખર્ચે સર્વિણમ જયંતી મુખ્ય મંત્રી વિકાસ યોજના હેઠળ શરૂ કરવામાં આવ્યું છે. શહેરના ભવ્ય ભૂતકાળને કલ્યાણ બાગ અને જ્યોતી મીનારાને નવા રૂપરંગ તથા વિવિધ મનોરંજન અને વિવિધ સુવિધાઓ સાથે પર્યટનલક્ષી બનાવવાની પાલિકાની મ્હેચ્છા છે.

SHIVAM
RESIDENTIAL
CONSTRUCTION (I) PVT. LTD.

With Best Compliments From....

SHREE THHAKORJI NAGAR,CIVIL HOSPITAL ROAD,
NANAKWADA, VALSAD 396001.GUJARAT. INDIA

# નવી સુવિધાઓ



## બીપીએલ આવાસો

શહેરના બીપીએલ લાભાર્થીઓ પોતાના ઘરનું સ્વપ્ન સાકાર કરી શકે તે માટે પલિકાએ આઈ.એચ.એસ.ડી.પી. યોજના હેઠળ અબ્રામા ખાતે ૧૨૮ જેટલા સુંદર, તમામ સુવિધાયુક્ત આવાસોનું નિર્માણ કરી તા. ૧૭-૪-૨૦૧૬ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ ના વરદ હસ્તે લોકાર્પણ કર્યા હતા. આ સમારંભમાં માન. મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ તથા માન. મંત્રીશ્રી મંગુભાઈ પટેલ પણ ઉપસ્થિત રહયા હતા.

## ફાયર સ્ટેશન

સરકારશ્રીની ૧૩માં નાણાપંચ યોજના અંતર્ગત રૂા. ૫૯.૯૮ લાખના ખર્ચે વલસાડ નગરપાલિકા દ્વારા નવું અધ્યતન ફાયર સ્ટેશન બનાવવામાં આવ્યું છે જેની લોકાર્પણ વિધિ માનનીય શ્રી કનુભાઈ દેસાઈ ધારાસભ્ય પારડી તથા જીલ્લા ભાજપ પ્રમુખ શ્રી વલસાડ દ્વારા તા. ૧-૨-૨૦૧૫ના રોજ મહાનુભાવોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. નવા ફાયર સ્ટેશન માટે લોકોની વર્ષો જુની માંગણી પાલિકાએ સંતોષી હતી.





## સાયકલ ટ્રેક

શહેરના વધતા ટ્રાફિકના ભારણને લક્ષમાં લઈ પાલિકાએ કેન્દ્ર સરકારની અમૃત યોજના હેઠળ ધરમપુર રોડ ઓવરબ્રીજથી લઈ હાઈવે સુધી સાઈકલ ટ્રેક અને કલ્યાણ બાગ થી આરપીએફ સુધી ફુટપાથનું રૂા. ૧ કરોડ ૫૮ લાખના ખર્ચે બનાવવાનું આયોજન કર્યુ છે જેનું આજ રોજ ખાતમુર્હુત કરવામાં આવશે. આ ફુટપાથ અને સાઈકલ ટ્રેક થી રાહદારીઓ અને સાઈકલ સવારોને ટ્રાફિકમાંથી મુક્તિની સાથો સાથે પર્યાવરણ પણ જળવાઈ રહેશે.



With Best Compliments From....

Hero

**Shanti Motors**

Dharampur Road, Ranchhodji Nagar, Abrama, Valsad, Gujarat 396001.

## નગરપાલિકા નવું બિલ્ડીંગ

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત દિવ્યાંગો તથા સીનીયર સીટીઝનો સહિતના લોકોની સુવિધા માટે સુવિધાયુક્ત અધ્યતન બિલ્ડીંગ રૂા. ૨ કરોડના ખર્ચે બનાવવામાં આવ્યું છે. નગરપાલિકાના નવા બિલ્ડીંગનું લોકાર્પણ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે તા. ૨૭-૧૨-૨૦૧૬ ના રોજ પારડીના ધારાસભ્ય કનુભાઈ દેસાઈ તથા વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલની હાજરીમાં કરવામાં આવ્યું હતું.





## સ્પોર્ટસ કોમ્પલેક્ષ

શહેરના લોકોના સ્વાસ્થય અને રમતગમતના વિકાસ માટે પાલિકા દ્વારા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રૂા ૩ કરોડ કરોડના ખર્ચે અધ્યતન અને તમામ રમતોની સુવિધાયુક્ત સ્પોર્ટસ કોમ્પલેક્ષ બનાવવામાં આવ્યું છે જેનું ઉદ્‌ઘાટન પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા તા૧૧-૭-૨૦૧૫ ના રોજ કરવામાં આવ્યું હતું. છેલ્લા બે વર્ષમાં સ્પોર્ટસ કોમ્પલેક્ષ દ્વારા પાલિકાને રૂા. ૩૦ લાખ જેટલી આવક મળી છે.

## મોરારજી દેસાઈ મ્યુઝીયમ

ભારતના પૂર્વ વડાપ્રધાન અને વલસાડના સપુત શ્રી મોરારજી દેસાઈની યાદમાં અધ્યતન ડીજીટલ મ્યુઝીયમ અને ઓડીટોરીયમનું નિર્માણ પણ પાલિકા દ્વારા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આશરે રૂા. ૭ કરોડના ખર્ચે બનાવવામાં આવ્યું છે જેનું ઉદ્‌ઘાટન તા. ૧૧-૭-૨૦૧૫ના રોજ માનનીય પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું છે. ઓડીટોરીયમ અને મ્યુઝીયમ દ્વારા પાલિકાને આશરે રૂા. ૨૨ લાખ જેટલાની આવક આજ સુધીમાં થઈ છે.





With Best Compliments From

SAI PETROLEUM

GUNDLAV, VALSAD.

# નગરપાલિકા ટીમ




## શુભેચ્છક : નગરપાલિકા સભ્યશ્રીઓ તથા કર્મચારી ગણ...


## With Best Compliments From....



M. G. ROAD VALSAD.